BUSINESS મિત્ર

રોકાણકારોની સંપત્તિમાં વધુ પાંચ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો

શેરબજાર સતત પાંચમા દિવસે વધ્યું : સેન્સેક્સે 77000ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 4 : ભારતીય શેરબજારમાં સતત પાંચમા દિવસે ઉછાળો થયો હતો. આજે પણ સેન્સેક્સ અને નિફ્ટીએ ઇન્ટ્રાડેની ઉંચાઇ પર બંધ રહ્યા હતા. આમ, છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ અને નિફ્ટી ઇન્ટ્રાડેની ઉંચાઇએ બંધ રહ્યા હતા. જેમાં સેન્સેક્સે 77000 પોઇન્ટ અને નિફ્ટીએ 23900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આમ, 4 સપ્ટેમ્બર પછી પ્રતમ વખત નિફ્ટી 23900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં વધુ પાંચ લાખ કરોડ રૂપિયાનો લાભ થયો હતો. આજે લાર્જકેપ શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ મજબૂતાઇ જોવા મળી હતી. જ્યારે ઇન્ડિયા વીઆઇએક્સ 3.57 ટકા ઘટીને 15.16 પર બંધ રહ્યો હતો. સેક્ટર વાઇઝ જોઇએ તો એફએમસીજી સેક્ટરમાં સુધારો આઘળ વધ્યો હતો. જે દોઢ ટકા ઇન્ડેક્સમાં વધારો જોવાયો હતો. આ સિવાય નિફ્ટી મેટલ ઇન્ડેક્સમાં 3 ટકાની વૃદ્ધઇ જોવા મળી હતી. જ્યારે નિફ્ટી ઓટો ઇન્ડેક્સ એક ટકા વધ્યો હતો. જ્યારે આઇટ શેરોમાં વેચવાલીએ નિફ્ટી આઇટી ઇન્ડેક્સ દોઢ ટકા ઘટ્યો હતો. બીએસઇ સેન્સેક્સ્ 383.55 પોઇન્ટ એટલે કે 0.50 ટકા વધીને 77301.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ 77000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77396 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76604 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 23900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 149.75 પોઇન્ટ એટલે કે 0.63 ટકા વધીને 23960.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23960.60 પોઇન્ટના સ્તર સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23696 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 373.55 પોઇન્ટ એટલે કે 0.67 ટકા વધીને 55913.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે એમક્યોર ફાર્મામાં 9.72 ગણા, એશબીઆઇ લાઇફમાં 8.71 ગણા, કેન ફિન હોમ્સમાં 4.67 ગણા, એચઇજી એડવાન્સમાં 4.52 ગણા અને જ્યોથિ લેબમાં 3.74 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફ્રેક્ટલ એનાલીટીક્સમાં 24.8 ગણા, ફર્ટીલાઇઝર એન્ડ કેમિકલ્સમાં 19.56 ગણા, જીએમડીસીમાં 19.21 ગણા, એચઇજી એડવાન્સમાં 12.87 ગણા અને ગ્લોબલ હેલ્થમાં 9.62 ગણા કામકાજ નોંધાયા છે.

રૂપિયામાં સતત સુધારો આગળ વધ્યો

અમદાવાદ, તા. 4: કરન્સી બજારમાં રૂપિયામાં સતત સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો. આજે પણ ડોલરની સામે રૂપિયો 11 પૈસા વધીને 94.64ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.75ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.33, પાઉન્ડ 127.89, કેનેડિયન ડોલર 68.08, ઓસ્ટ્રેલિયન ડોલર 66.24, જાપાનીઝ યેન 0.5980 અ સીંગાપોર ડોલર 73.93ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.64 રૂ.
યુરો	106.33 રૂ.
પાઉન્ડ	127.89 રૂ.
યેન	0.5981 રૂ.

સેન્સેક્સ	383.55	77301.40
નિફ્ટી	149.35	23960.60
બેન્ક નિફ્ટી	373.55	55913.60

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટરપ્રાઇઝ	4.47	2709.20
ભારત ઇલેક્ટ્રીક	4.71	398.00
ટાઇટન કંપની	4.22	4754.40
જિયો ફાઇનાન્સીયલ	3.73	222.27
મેક્સ હેલ્થકેર	2.53	927.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	2.52	2436.00
એચસીએલ ટેકનો	2.37	1405.00
ઇન્ફોસીસ	1.73	1128.20
કોલ ઇન્ડિયા	2.05	399.65
બીએસઇ લિ.	1.75	3601.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	4.56	397.10
ટાઇટન કંપની	4.28	4750.00
ઇનટ્રગ્લોબ	2.39	5140.00
બજાજ ફાઇનાન્સ	2.38	993.05
આઇટીસી	2.32	279.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	2.70	2435.00
એચસીએલ ટેકનો	2.23	1405.00
ઇન્ફોસીસ	1.65	1127.10
ઇટર્નલ	1.60	344.05
કોટક મહિન્દ્રા બેન્ક	1.08	459.00

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૬૦૯૦
તેજાબી સોનું	૧૪૬૦૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૭૮૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૩૧૭૦
સોનાનાં બિસ્કીટ	૧૪૬૦૯૦૦
ચાંદી (૯૯૯)	૧૯૦૬૬૦
ચાંદી સિક્કા	૧૯૨૧૬૦

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૩૯૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

ટ્રમ્પની હારના પગલે અમેરિકન બજારો તૂટ્યા બાદ ઝડપી રીકવર થયા

રોકાણકારોનું વલણ બદલાયું નાસ્ડેક ફ્યુચર્સ દિવસની નીચી સપાટીથી 950 પોઇન્ટ વધ્યો, ગિફ્ટ નિફ્ટી પણ 175 પોઇન્ટ વધ્યો

મુંબઇ, તા. 4: મેરિકન શેરબજારમાં આજે ભારે વધઘટ જોવા મળી હતી. અમેરિકાની મધ્યસત્ર ચુંટણીના પરિણામો શરૂ થતાની સાથે જ અમેરિકન બજારોમાં જોરદાર કડાકો બોલાયો હતો. ટ્રમ્પની પાર્ટી રિપબ્લીકન હાર તરફ આગળ વધી રહ્યું હતું અને ડેમોક્રેટ્સને મોટી જીતના કારણે આ કડાકો જોવાયો હતો. પરંતુ જોતજોતામાં રોકાણકારોનું વલણ બદલાઇ ગયું હતું અને ડાઉ તથા નાસ્ડેક ફ્યુચર્સ નીચલા સ્તરેથી રીકવર થતા જોવા મળ્યા હતા.

આજે નાસ્ડેક ફ્યુચર્સ દિવસની નીચી સપાટીએથી લગભગ 950 પોઇન્ટ સુધરી ગયું હતું અને ગિફ્ટ નિફ્ટી 175 પોઇન્ટ સુધારા સાથે 24000 પોઇન્ટની ઉપર ચાલી રહી ખછે. જે બજારનો મુડ બદલાતો જોવા મળી રહ્યો છે.

યુએસના પરિણામોથી અનિશ્ચિતતામાં ઘટાડો અને બોન્ડ યીલ્ડ પણ ઘટીને આવતા શેરબજારોમાં તેજીનો રૂખ જોવા મળ્યો છે. જોકે, અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું તે તેઓ ચુંટણીના પરિણામો સ્વીકારશે, જેનાથી બજારને રાહત મળી છે. અમેરિકાના પરિણામોથી એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, ટ્રમ્પની મનમાની ઉપર બ્રેક વાગશે અને કેટલાક વિવાદીત નિર્ણયો લઇ શકશે નહીં, જેના લીધે આવનારા સમયમાં ઇઝરાયલ બાદ અમેરિકાના પરિણામો વૈશ્વિક અનિશ્ચિતતામાં ઘટાડો આવશે, જે બજારને માટે હકારાત્મક સાબિત થઇ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડેમોક્રેટસે યુએસ સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેનું નિયંત્રણ મેળવ્યું છે. આનાથી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને મોટો રાજકીય ફટકો પડ્યો છે. રોકાણકારોને ચિંતા હતી કે ડેમોક્રેટસના નિયંત્રણ હેઠળ ટેક કંપનીઓ પર કડક નિયમો લાગુ થઇ શકે છે, ખાસ કરીને એઆઇમાં રોકાણ કરતી કંપનીઓને અસર થવાની ધારણા હતી, જોકે, અમેરિકાના પરિણામો અને ટ્રમ્પ પર લગામ લાગવાથી ભારતીય શેરબજારમાં પણ હકારાત્મક વલણ જોવા મળી શકે છે.

મિડટર્મમાં મસ્કે રિપબ્લિકનો પાછળ રૂ. 4,700 કરોડ હોમ્યા

વિજેતા ડેમોક્રેટ્સ તેમની કંપનીઓ સામે તપાસ શરૂ કરશે

ડેમોક્રેટ્સ નેતાએ ટ્રમ્પ પરિવાર અને મસ્કને 'વકીલ રોકી લેવા' કહ્યું

જે લોકો મારી સાથે લડાઈ શરૂ કરશે, તેમને હું છોડીશ નહીં: મસ્ક

વોશિંગ્ટન, તા. 4: અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવારો અને ટેક્સાસ રાજ્યને બચાવવા માટે અબજોપતિ એલોન મસ્કે રૂ. 4,700 કરોડ (લગભગ અડધો અબજ ડૉલર) ખર્ચ્યા હતા. જોકે, ચૂંટણીમાં રિપબ્લિકન્સના પરાજય અને ટેક્સાસમાં ડેમોક્રેટિક ગવર્નર જીના હિનોજોસાના વિજય બાદ મસ્ક રાજકીય અને આર્થિક રીતે મોટા પરાજીત તરીકે ઉભર્યા છે.

કોંગ્રેસના બંને ગૃહો પર કબજો જમાવ્યા બાદ હવે ડેમોક્રેટ્સે મસ્કના સ્પેસએક્સ અને ટેસ્લા જેવા વ્યાપારી સામ્રાજ્ય સામે આકરી તપાસ શરૂ કરવાની તૈયારી કરી છે. જેના કારણે પ્રી-માર્કેટ ટ્રેડિંગમાં સ્પેસએક્સના શેર 3.8 ટકા અને ટેસ્લાના શેર 3.6 ટકા ગગડ્યા છે. હાઉસ ઓવરસાઇટ કમિટીના ઇનકમિંગ ચેરમેન રોબર્ટ ગારસિયાએ આકરી ચેતવણી આપતા ટ્રમ્પ પરિવાર અને મસ્કને 'વકીલ રોકી લેવા' જણાવ્યું છે. બીજી તરફ, મસ્કે પણ ટ્વિટર પર વળતો પ્રહાર કરતાં જણાવ્યું છે કે જે લોકો મારી સાથે લડાઈ શરૂ કરશે, તેમને હું છોડીશ નહીં.' ડેટા સેન્ટરની મંજૂરીઓમાં થનારો વિલંબ મસ્ક પર ભારે પડી શકે છે, જેના કારણે સ્પેસએક્સ દ્વારા તેના આઈપીઓ પહેલાં રોકાણકારો સમક્ષ રજૂ કરવામાં આવેલા 28.5 ટ્રિલિયન ડૉલરના વિશાળ બજાર સુધીની પહોંચ અટકી શકે છે. ડેમોક્રેટિક સાંસદોએ અનેક વિવાદો મુદ્દે મસ્કની આકરી ઝાટકણી કાઢી છે અને તેમની સામે તપાસનો દોર શરૂ કર્યો છે, જેમાં યુક્રેનિયન લશ્કરી સેટેલાઇટ કમ્યુનિકેશન પર તેમના દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો, તેમના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીના નેતૃત્વ હેઠળ સરકારી નોકરીઓમાં કરાયેલી મોટાપાયે કાપ મૂકવાની પ્રક્રિયા, અને તેમની કંપનીઓને મળતા સરકારી કોન્ટ્રાક્ટ્સ તથા સબસીડીનો સમાવેશ થાય છે.

સરકારે આયાત ડ્યુટી વધારતા સોનાની દાણચોરીમાં અચાનક ઉછાળો

ઇરાન યુદ્ધના લીધે સરકારે સોનાની આયાત ડ્યુટી વધારીને 15 ટકા કરતા દાણચોરી વધી

નવી દિલ્હી, તા. 4: ભારત વિશ્વમાં સોનાન બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. જોકે, દેશમાં સોનાનું ઉત્પાદન ઓછું છે અને મોટા ભાગે આયાત કરવી પડે છે, જે મોટા પ્રમાણમાં આયાત કરવામાં આવે છે. ગત વર્, ભારતે 640 ટન સોનુ આયાત કર્યુ હતું. જેની કિંમત વિક્રમી 72.4 અબજ ડોલર હતી. ક્રુડ ઓઇલ પછી બીજા ક્રમે આયાતમાં સોનુ છે. જેથી વિદેશી ચલણનો વપરાશ કરે છે. તેની આયાતને નિરૂત્સાહ કરવા માટે સરકારે 13મી મેથી સોના પરની આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરી દીધી હતી, પરંતુ આ નિર્ણયથી સોનાની દાણચોરીમાં વધારો થયો છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ભારતમાં સોનાની દાણચોરી વર્ષના ત્રીજા કવાર્ટરમાં 2023 પછીના ઉચ્ચત્તમ સ્તરે પહોંચી ગઇ છે. જુલાઇ અને સપ્ટેમ્બર વચ્ચે દાણચારી કરેલું સોનુ દેશમાં પ્રવેસ્યું, જે 1500 ટકા વધીને 50 ટન થઇ ગયું છે. જે એક વર્ષ અગાઉ આંકડો ફક્ટ 3 ટન હતો. રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે, દાણચોરી કેવી રીતે પકડાઇ તે અંગે ખુલાસો કરવામાં આવ્યો નથી. સોના પર ટેક્સ વધવાથી દાણચોરીની ઘટનાઓમાં વધારો થયો છે કારણ કે આ દાણચોરોના માર્જિનમાં વધારો કરે છે. ઓક્ટોબરમાં સોનાનો ભાવ 6.8 ટકા ઘટ્યો હતો. જે 4000 ડોલરની નીચે આવી ગયા હતા.

FPIsએ 'ફુલી એક્સેસિબલ રૂટ' સરકારી સિક્યોરિટીઝમાંથી રૂ. 17,417 કરોડ પાછા ખેંચ્યા

ભારતનો 'બ્લૂમબર્ગ બોન્ડ ઇન્ડેક્સ'માં સમાવેશ ન થવાને કારણે FAR સિક્યોરિટીઝનું વેચાણ જોવા મળ્યું

યુએસ ટ્રેઝરી યીલ્ડ પરનું વળતર ઉંચું જવાથી ડોલર-આધારિત અસ્ક્યામતોનું આકર્ષણ વધ્યું

મુંબઈ, તા. 4 : સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં FPIs એ 'ફુલી એક્સેસિબલ રૂટ' (FAR) સરકારી સિક્યોરિટીઝમાંથી રૂ. 17,417 કરોડ પાછા ખેંચ્યા છે. જૂન મહિનામાં મજબૂત પ્રવાહ જોવા મળ્યા બાદ વિદેશી રોકાણકારો હવે ચોખ્ખા વેચનાર (net sellers) બન્યા છે. નોંધનીય છે કે, જૂન મહિનામાં સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ સરળ બનાવવા માટે સરકારે લીધેલા પગલાં અને 'બ્લૂમબર્ગ ગ્લોબલ એગ્રીગેટ ઇન્ડેક્સ'માં ભારતનો સમાવેશ થવાની અપેક્ષાઓને કારણે રોકાણનો પ્રવાહ વધ્યો હતો.

ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ (FPIs) સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં 'ફુલી એક્સેસિબલ રૂટ' (FAR) હેઠળની સરકારી સિક્યોરિટીઝમાંથી રૂ. 17,417 કરોડ પાછા ખેંચી લીધા છે. આ સાથે, ચાલુ વર્ષની શરૂઆતમાં જોવા મળેલો ખરીદીનો ટ્રેન્ડ હવે ઉલટાઈ ગયો છે.

બ્લૂમબર્ગ ગ્લોબલ એગ્રીગેટ ઇન્ડેક્સમાં ભારતનો સમાવેશ થવા અંગેની અનિશ્ચિતતા, યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો, કાચા તેલના ભાવમાં ઉછાળો અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડો - આ તમામ પરિબળોએ રોકાણકારોના મનોભાવ પર નકારાત્મક અસર કરી છે.

નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL)ના ડેટા અનુસાર, FPIs (વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો) એ સપ્ટેમ્બરમાં રૂ. 10,431 કરોડ અને ઓક્ટોબરમાં વધુ રૂ. 6,986 કરોડ પાછા ખેંચી લીધા છે.

વિદેશી મૂડી આકર્ષવા માટે જાહેર કરાયેલા અનેક પગલાંને પગલે, જૂન મહિનામાં વિદેશી રોકાણકારોએ સરકારી બોન્ડ્સમાં તેમનું રોકાણ નોંધપાત્ર રીતે વધાર્યું હતું; ત્યારબાદ હવે આ વેચવાલી જોવા મળી છે.

આ વલણમાં આવેલા બદલાવ પાછળ 'ઇન્ડેક્સ-આધારિત' (સૂચકાંક-સંબંધિત) પ્રવાહની અપેક્ષાઓમાં થયેલો ઘટાડો પણ જવાબદાર છે. ઉલ્લેખનીય છે કે, વર્ષની શરૂઆતમાં આ અપેક્ષાઓને કારણે જ FAR (Fully Accessible Route) સિક્યોરિટીઝમાં વિદેશી રોકાણને વેગ મળ્યો હતો.

યુએસ મિડટર્મ ચૂંટણીના પરિણામોની ડોલર પર નકારાત્મક અસરથી સોના-ચાંદીમાં તેજી

સોનામાં રૂ. 3100 જ્યારે ચાંદીમાં રૂ. 7000નો ઉછાળો

મુંબઈ, તા. 4: યુએસ મિડટર્મ ચૂંટણીના પરિણામોની ડોલર પર નકારાત્મક અસરને પગલે સોના-ચાંદીમાં તેજી જોવા મળી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો. આ પછી, વૈશ્વિક અને ભારતીય કોમોડિટી બજારોમાં સોના અને ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા હતા.

સ્થાનિક સ્તરે સોનામાં 2.32 ટકા એટલે કે 10 ગ્રામ દીઠ રૂ. 3248 ના વધારા સાથે સોનાનો ભાવ રૂ. 1,42,700 પહોચ્યો છે. તેમજ ચાંદીમાં ભાવ કિલો દીઠ 3.95 ટકા એટલે કે, રૂ. 7,102 વધીને રૂ. 1,86,800 થયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં (કોમેક્સ) સોનાનો ભાવ 2.83 ટકા વધીને ઔંસ દીઠ $ 4,043 જ્યારે ચાંદી 4.49 ટકા વધીને $ 51.98 પ્રતિ ઔંસ (આજે ચાંદીનો ભાવ) ને વટાવી ગઈ છે. ચૂંટણી પછી ડોલરમાં ઘટાડો થવાથી બુલિયનની માંગ વધી ગઈ હતી, જ્યારે રોકાણકારો ફેડરલ રિઝર્વના દર અંદાજ અંગે નવા સંકેતો માટે આ અઠવાડિયાના યુએસ પેરોલ્સ ડેટાની રાહ જોઈ રહ્યા હતા. ચૂંટણી પરિણામો અનુસાર, વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીએ સેનેટમાં 51 બેઠકો અને પ્રતિનિધિ ગૃહમાં 218 બેઠકો જીતીને સંપૂર્ણ બહુમતી મેળવી. આ મોટા રાજકીય ઉથલપાથલની સીધી અસર બુલિયન અને કોમોડિટી બજારો પર પડી છે. 4 નવેમ્બરના રોજ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો થયો, જેને નબળા યુએસ ડોલર અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થવાને કારણે ટેકો મળ્યો, જ્યારે યુએસ મધ્યવર્તી ચૂંટણીના પરિણામોએ સલામત-હેવન માંગમાં વધુ વધારો કર્યો.

પશ્ચિમ રેલવે–વડોદરા ડિવિઝન

સુધારો

આથી ટેન્ડર નં. DRM-BRC-091-OF-2026-27 માટે સુધારો આપવામાં આવે છે. આથી માહિતગાર કરવામાં આવે છે કે **કામ પૂર્ણ કરવાનો સમયગાળો, જેને અગાઉ ૧૨ મહિના તરીકે દર્શાવવામાં આવ્યું હતું, તેને હવે ૧૫ મહિના તરીકે વાંચવાનું રહેશે.** તે મુજબ, અગાઉ અપલોડ કરવામાં આવેલ ટેન્ડર દસ્તાવેજને ઉપર જણાવેલ ફેરફારનો સમાવેશ કરતાં સુધારેલ ટેન્ડર દસ્તાવેજ દ્વારા બદલી દેવામાં આવ્યા છે, અને સુધારેલ દસ્તાવેજને IREPS પોર્ટલ પર અપલોડ કરી દેવામાં આવ્યા છે. અન્ય તમામ નિયમો અને શરતો અપરિવર્તનીય રહેશે.

BRC-297

અમને ફોલો કરો: X DRMBRCWR ● drm_vadodara

પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન

નવી ડીઆરએમ ઓફિસ બિલ્ડીંગના બાંધકામના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ

ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ

EL/50/1/33(26-27) Dt.02/11/2026

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન નીચે જણાવેલા કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસે થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **અનું.નં.૧: ટેન્ડર નં. BRC-EL-P-24-26-27. કામનું નામઃ** વડોદરા ડિવિઝન (પ્રતાપનગર) :- નવી ડીઆરએમ ઓફિસ બિલ્ડીંગ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બાંધકામના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામો. **અંદાજીત પડતર (રૂા.):** ₹ ૧,૯૪,૧૦,૧૮૪.૦૦ **ઈએમડી (રૂા.):** ₹ ૩,૮૮,૨૦૦.૦૦ **ટેન્ડર ફી (રૂા.):** શૂન્ય, **ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખઃ** ૨૫-૧૧-૨૦૨૬ **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in **ઓફિસનું સરનામુંઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (પાવર) વડોદરા, પશ્ચિમ રેલવે, વડોદરા-૩૯૦૦૦૪.

BRC-295

અમને ફોલો કરો: X DRMBRCWR ● drm_vadodara

જાહેરનામું

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ સુરત

ક્રમાંક : અમ-મ-૨૦૨૬-૧૦૭૪ - જસત-૧૪૨૦૨૪-૮૧૦-ઘ તારીખઃ- 13 OCT 2026

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૧૧(૧) હેઠળ બહાર પાડેલ સરકારશ્રીના તા.૧૫.૧૦.૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૬૨૫-જસત-૧૪૨૦૨૪-૮૧૦-ઘ થી રાજ્ય સરકારે એવું નિર્દિષ્ટ કરેલ છે કે મોજે.દખણવાડા, તા.ચોર્યાસી, જિ.સુરત ની ઉક્ત જાહેરનામાની અનુસૂચિમાં દર્શાવેલ સર્વે નંબર/બ્લોક નંબર વાળી જમીન "કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઈન લીયુ ઓફ એલ.સી.નં.૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાંવ સેક્શન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડવીઝન ઓન નાના વરાછા-કુંભારીયા-દેવધ-દખણવાડા-સણીયાકણદે રોડ (૧/૮ ટુ ૧૨/૪) ઈન ગુજરાત" ના જાહેર હેતુ માટે જરૂરી છે. સદરહુ પ્રોજેક્ટમાં સરકારશ્રીના તા.૧૪.૧૦.૨૦૨૫ જાહેરનામા ક્રમાંકઃ- અમ-મ-૨૦૨૫-૭૮૩-જમહ-૧૪૨૦૨૪-૮૧૦-ઘ થી ૧૨ માસની મુદતવધારો આપવામાં આવેલ, જેનો સમયગાળો તા.૧૫.૧૦.૨૦૨૫થી ગણવામાં આવેલ.

સદરહુ કાયદાની કલમ-૧૧(૧) ના સદરહુ જાહેરનામાની અમલવારીનો સમય લંબાવવા માટેના વ્યાજબીપણાને સમર્થન આપતાં પુરતા કારણો અસ્તિત્વ ધરાવે છે તેવો અભિપ્રાય થતો હોવાથી, જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ- ૧૯(૭) થી અપાયેલ સત્તાની રૂએ અને આ અંગે અધિકૃત કરતી બીજી તમામ સત્તાની રૂએ ગુજરાત સરકાર આ કાયદાની કલમ-૧૯(૧) હેઠળ જાહેર કરવાના થતા આખરી જાહેરનામાની મુદત વધુ ૧૨(બાર) મહિના સુધી પુનઃ વધારી આપે છે. આ બાર મહિનાનો સમયગાળો તા.૧૫.૧૦.૨૦૨૬થી ગણવાનો રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજ નમેરા)

ક્રમાંક : માહિતી-સુરત/૮૪૧/૨૦૨૬ સરકારના ઉપ સચિવ

સુરત મહાનગરપાલિકા

શ્રી તાપી ભવન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, તાપીપુરા, સુરત

(વેબસાઇટ : https://www.suratmunicipal.gov.in)

FIT INDIA

પૂરક જાહેરાત

સુરત મહાનગરપાલિકાની પી.આર.ઓ.નં.૭૩૯, તા. ૧૧/૦૩/૨૦૨૬ થી આપવામાં આવેલ જાહેરાતમાં નીચે ક્રમ નં.૧, ૨ અને ૩ માટે જગ્યાઓની સંખ્યામાં રોસ્ટર વાઇઝ આંશિક સુધારો હોય તેમજ નીચે ક્રમ નં. ૧ અને ૨ માટે સીધી ભરતીની લાયકાતમાં સુધારો થયો હોય, તેવા સંજોગોમાં થયેલ સુધારા મુજબ નીચે ક્રમ નં. ૧ અને ૨ માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે તે માટે તે કેડરોની હાલમાં ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત ધરાવનાર યોગ્ય ઉમેદવારો પાસે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	(જગ્યાનું નામ)	કુલ જગ્યા	અનુ. જાતિ		અનુ. જન જાતિ		સા.શૈ.પ.વ.		બિન અનામત		આ.ન.વ.	
			અનુ. જાતિ	મહિલા	અનુ. જન જાતિ	મહિલા	સા. શૈ. પ.વ.	મહિલા	બિન અનામત	મહિલા	આ. ન. વ.	મહિલા
૧.	ડેપ્યુટી ટાઉન પ્લાનર	૧૪	-	-	૨	-	૩	૧	૬	૨	-	-
૨.	આસીસ્ટન્ટ ટાઉન પ્લાનર	૫૬	૨	૧	૬	૩	૧૦	૫	૧૭	૮	૩	૧
૩.	આસીસ્ટન્ટ ઈજનેર (ઈલેક્ટ્રીકલ)	૫૩	૨	૧	૬	૨	૧૦	૪	૧૬	૭	૪	૧

ઉક્ત ક્રમ નં. ૧ અને ૨ કેડરની જગ્યાઓ માટે અરજદારે https://www.suratmunicipal.gov.in ની વેબસાઈટ ઉપર તા. ૧૬/૧૧/૨૦૨૬ (સમય : સવારે ૧૧:૦૦ કલાક) થી તા. ૩૦/૧૧/૨૦૨૬ (સમય : રાત્રે ૧૧:૦૦ કલાક) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉક્ત જગ્યાઓ માટે સુરત મહાનગરપાલિકાની ઉક્ત વેબસાઈટ પર મુકવામાં આવેલ વિગતવાર જાહેરાત જોઈ લેવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧- ૨૪૨૩૭૫૧-૫૬ એક્સ-૨૩૧/૨૯૯ ઉપર સંપર્ક કરવો.

નોંધ :

1. **પી.આર.ઓ.૭૩૯, તા. ૧૧/૦૩/૨૦૨૬ થી આપવામાં આવેલ જાહેરાતમાં ઉક્ત ક્રમ નં. ૧ અને ૨ માટે જગ્યાની સંખ્યામાં થયેલ ઉક્ત મુજબનો આંશિક સુધારો ધ્યાને લેવાનો રહેશે તેમજ અગાઉ સદર જાહેરાત અનુસંધાને ઉક્ત ક્રમ નં. ૧ અને ૨ કેડર માટે જે ઉમેદવારોએ અરજી કરેલ હોય, તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં.**
2. **ઉક્ત ક્રમ નં.૩ માટે અગાઉ પી.આર.ઓ.૭૩૯, તા.૧૧/૦૩/૨૦૨૬ થી આપવામાં આવેલ જાહેરાતમાં ફક્ત જગ્યાઓની સંખ્યામાં આંશિક સુધારો ધ્યાને લેવા જોગ છે. કોઈપણ ઉમેદવારે અરજી કરવાની રહેશે નહીં.**
3. **પી.આર.ઓ.૭૩૯, તા.૧૧/૦૩/૨૦૨૬ થી આપવામાં આવેલ જાહેરાતમાં ક્રમ નં.૪ ની રેડીયોલોજીસ્ટ કેડરની ૦૧ જગ્યાની આપવામાં આવેલ જાહેરાત આથી રદ ગણવાની રહેશે.**
4. **ઉક્ત કેડરો માટે દિવ્યાંગજનની અનામત જગ્યાઓ પી.આર.ઓ.૭૩૯, તા.૧૧/૦૩/૨૦૨૬ થી આપવામાં આવેલ જાહેરાત મુજબની રહેશે.**

નં.પી.આર.ઓ./૩૨૦/૨૦૨૬-૨૭ ડેપ્યુ.મ્યુનિ.કમિશનર (ડી.)
તા.૦૪/૧૧/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા.

ગુજરાત રાજ્ય

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઈ-ટેન્ડર નોટીસ નં. ૩ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, અંબિકા વિભાગ, નવસારી-૩૯૬૪૪૫ દ્વારા " ઈમ્પ્રુવમેન્ટ ઓફ એક્ઝીટીંગ ઈરીગેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રીનોવેશન & રીસ્ટોરેશન ઓફ એક્ઝીટીંગ ડ્રેનેજ સાયફન, એચ.આર, સી.આર, વી.આર.બી અને કન્સ્ટ્રકશન ઓફ બોક્ષ ટાઈપ કલ્વર્ટ" ના કામો માટે "એસ.બી.ડી" નમુનામાં ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

૧.૦	અંદાજીત રકમ :- રૂ ૦.૦૨૫ કરોડ થી ૩.૮૩ કરોડ સુધીના ૧૦ (દસ) કામ	
૨.૦	ટેન્ડર અપલોડની તારીખ અને સમય	તા. ૦૫-૧૧-૨૦૨૬
૩.૦	ટેન્ડર ડાઉનલોડ તારીખ અને સમય	તા. ૦૬-૧૧-૨૦૨૬ થી તા. ૨૦-૧૧-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી
૪.૦	ઓનલાઇનથી આવેલ ટેન્ડર ખોલવાની તારીખ	તા. ૨૧-૧૧-૨૦૨૬, ૧૧.૦૦ કલાકે, અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ, સુરત એમ.ટી.બી. કોલેજની નજીક, અઠવાલાઇન્સ, સુરત. પીન કોડનં-૩૯૫૦૦૧ ફોન નં-(૦૨૬૧) ૨૬૬૮૭૬૦
૫.૦	ફીઝીકલ ડોક્યુમેન્ટ વિભાગીય કચેરીમાં સાદર કરવાની છેલ્લી તારીખ	તા. ૨૭-૧૧-૨૦૨૬, સમય ૧૮.૦૦ કલાક સુધી કાર્યપાલક ઇજનેર, અંબિકા વિભાગ, નવસારી, બીજો માળ, સિંચાઇ ભવન, ટાટાબાગ સામે, લુન્સીકુઇ, નવસારી. પીન કોડ નં-૩૯૬૪૪૫ ફોન નં (૦૨૬૩૭) ૨૫૯૧૨૭
૬.૦	સંપર્ક સાધવાની કચેરીનું સરનામું	કાર્યપાલક ઇજનેર, અંબિકા વિભાગ, નવસારી, બીજો માળ, સિંચાઇ ભવન, ટાટાબાગ સામે, લુન્સીકુઇ, નવસારી. પીન કોડ નં-૩૯૬૪૪૫ ફોન નં (૦૨૬૩૭) ૨૫૯૧૨૭

રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબ સાઇટ https://tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે.

આ ટેન્ડર અંગે કોઈ સુધારો કે ફેરફાર ટેન્ડર અવધિ દરમિયાન જારી કરવામાં આવે તો તે માત્ર https://tender.nprocure.com વેબસાઇટ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સમાચારમાં કોઈ અલગથી સૂચના પ્રકાશિત કરવામાં આવશે નહીં..

માહિતી/નવસારી/૪૨૭/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત

ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૦૯૫-જસત-૧૪૨૦૨૬-૧૫૧૧-ઘ તારીખઃ- 16 OCT 2026

નવી લીંક દાંડી-મોર-મોર-પારડી ઝાખરી- કન્તીયાબર લીંક રોડ ના જાહેર હેતુના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપનમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઇરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ નવી લીંક દાંડી-મોર-મોર-પારડી ઝાખરી-કન્તીયાબર લીંક રોડના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર ૦૧-૦૦-૯૨ ચો.મી. છે અને તે મોજે. મોર, તા. ઓલપાડ, જિ. સુરતની હદમાં આવેલ છે.

(3) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦૧-૦૦-૯૨ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં નવી લીંક દાંડી-મોર-મોર-પારડી ઝાખરી-કન્તીયાબર લીંક રોડ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. મોર, તા. ઓલપાડ, જિ.સુરતની ક્ષેત્રફળ ૦૧-૦૦-૯૨ હે.આરે.ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજ નમેરા)

ક્રમાંકઃ માહિતી-સુરત/૮૩૯/૨૦૨૬ સરકારના ઉપ સચિવ